કેન્દ્રની OBC યાદીમાં સામેલ જાતિઓને
કેન્દ્ર પુરસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાઓનો
લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૧/૨૯૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૭/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) વિભાગના તા.૩૧/૦૧/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૦૩/જીઓઆઇ.૨૭(૧)/અ.૧ તથા ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૦૩/જીઓઆઇ.૨૭/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૦/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૩૬૦૮ તથા તા.૨૬/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૧-૨૨/૧૨૨

**સુધારા ઠરાવ:-**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઓબીસીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારની બે યોજનાઓ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવો મુજબ હાલ ફકત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના (SEBC) વિદ્યાર્થીઓને જ ભારત સરકારની ઉપર્યુક્ત શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ આપવામાં આવે છે. ભારત સરકારશ્રીની ઉપર્યુક્ત યોજનાઓની ગાઇડલાઇન મુજબ અન્ય પછાત વર્ગો (OBC)માં સમાવેશ થતાં બધા ભારતીયોને આ યોજનાઓનો લાભ મળવાપાત્ર છે.

૨. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રોથી કેન્દ્રની અન્ય પછાત વર્ગો (OBC)ની યાદીમાં સામેલ હોય પરંતુ રાજ્ય સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ની યાદીમાં સામેલ ન હોય તેવી કુલ ૬ (છ) જાતિઓ - રાજભર, કોષ્ટી, સ્વકુલ સાલી, કાછીયા, ભાડભૂંજા અને છિપા - ને કેન્દ્ર પુરસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ આપવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણાને અંતે કેન્દ્રની અન્ય પછાત વર્ગો (OBC)ની યાદીમાં સામેલ હોય પરંતુ રાજ્ય સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ની યાદીમાં સામેલ ન હોય તેવી

(P.T.O.)

કુલ ૬ (છ) જાતિઓ - રાજભર, કોષ્ટી, સ્વકુલ સાલી, કાછીયા, ભાડભૂંજા અને છિપા - ને કેન્દ્ર પુરસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ આપવા માટે આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૨/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. કે. પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેક્ટ ફાઇલ